
**ભારતીય ઉપખંડના ત્રણ દેશોના વિદેશ પ્રધાનોની શાંતિ-સહકારની વાટાઘાટો માટેની શિખર પરિષદ મળી છે. ત્યાં એક વિદેશ પ્રધાનની હત્યા કરવા વિશે નનામો સંદેશો મળતાં જ સરકારી તંત્રો સાવધ બની જાય છે. વધારાની સહાય માટે પ્રાઈવેટ ડિટેક્ટીવો અજય તથા રાધિકાને પણ બોલાવવામાં આવે છે...**

# હથિયારો બેકાર છે માટે રચાયો છે ખપાટિયાંનો ખેલ!




## ખાડો ખોદે તે...: 3

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

પરસાળમાંથી શું દેખાયું?

સૂરજભાણ બાપુ પાકિસ્તાનના વિદેશ પ્રધાન સાહેબજાદા દિલાવરખાનને ટાઢા પાડીને કશુંક સમજાવવા કોશિશ કરતા હતા, પરંતુ સાહેબજાદા આખા મહેલમાં પડઘાત એવડે ઘાંટે કશાકનો વિરોધ કરી રહ્યા હતા. '...પણ, બાપુ! કોઈ ગાંડિયાએ ધમકી આપી એથી આપણે ડરી જવાનું? મારે શું કાયરની જેમ મારો બેડરૂમ બદલવાનો? કાલે તો તમે કહેશો કે મારે પલંગની નીચે સૂવાનું છે! ખેર, તમે કહો છો તો માની લઉં છું, પણ... પણ...'

'આ શાનો ઘોંઘાટ છે?' સમરે ધીમે અવાજે પૂછ્યું.

'અરે ભાઈ, આપણા સી.એસ.એસ.એફ.ના ઈન્સ્પેક્ટર અનવર હુસેનની છેલ્લી ઘડીની આ ચાલ છે. એણે કોઈનેય જાણ કર્યા વગર બેડરૂમ બદલી નાખ્યો છે અને સાહેબજાદાવાળા રૂમમાં પોતે સૂવાનું નક્કી કર્યું છે. અરે... અરે...' અજયે આશ્ચર્યથી પૂછ્યું. 'તમને શું થયું? આમ અચાનક ચિંતાતુર કેમ બની ગયા?

'અરે, ના રે! ચિંતા શાની?' સમરે મ્લાન સ્મિત કરતાં કહ્યું. 'આમાં મને કશી લેવાદેવા નથી, પણ સાહેબજાદાની ભાવના મને જચે છે. અલ્યા, કોઈ જરાક નનામી ધમકી આપે એમાં ડરી જવાનું વળી શું!'

'બરાબર. આ સિક્યોરિટીવાળા હોય જ એવા! પડછાયાથી પણ ડરે!' અજયે આખી વાત પર પડદો પાડતાં ઉચ્ચાર્યું. 'વળી પોતે કશુંક કરે છે એટલું બનાવવા માટેય બેડરૂમોની અદલાબદલી કરે એવા! ખેર! હવે સૂઈ જાવ. રાત ઘણી થઈ ગઈ છે અને આ તો ધમકીની રાત છે. કોણ જાણે આ રાત કેવા કેવા ખેલ બતાવશે! તલત મહેમૂદનું ગાયેલું ગીત છે ને... રાતને કયા કયા ખેલ દિખાએ...'

'ખેલ નહિ, સાહેબ, ખ્વાબ... ખ્વાબ!' રાધિકાએ ગીત સુધાર્યું.

'એ બધું એકનું એક, રાધિકા! ખ્વાબ એ પણ રાતનો ખેલ જ છે ને! દિવસે કોને કેટલાંસપનાં આવે છે?'

'અચ્છા, એમ કરો, તમે બંને જઈને સૂઈ જાવ. હું જરાક એક-બે રમકડાંને ફિનિશિંગ ટચીસ આપી દઉં,' સમરે બારીમાં હરોળબંધ ગોઠવેલાં રમકડાં તરફ નજર ફેરવી.

નર્સરી પાસેથી નીકળીને અજય-રાધિકા મોટા હોલમાં આવ્યાં. અજયે સૂચવ્યું, 'તું હવે સૂઈ જા, રાધિકા. તારે રાહુલવાળા બેડરૂમમાં સૂવાનું છે ને?'

'હા, અનવરભાઈએ હજુ મારો બેડરૂમ તો બદલ્યો નથી!' રાધિકા હસી.

'તારો બેડરૂમ નહિ બદલાય, પણ મને ડર છે કે આ અનવર બાકીના બધાયની પથારી ફેરવી નાખશે! પણ તારે એની ચિંતા કરવાની જરૂર નથી. જા.'

'અં... રાતમાં...'

'મને ખબર છે કે તેંય કરાટેની તાલીમ લીધી છે, ભાઈ! પણ જે ખેલ ભજવવો પડે તે અમે ભજવીશું- અનવર અને હું! તું, બસ, રાહુલને સાચવજે. ચાલો, ગૂડ નાઈટ.'

'ગૂડ નાઈટ, બોસ.'

– 'ખેલ'નો અર્થ જો અજયને મન હિન્દી ફિલ્મની ક્લાઈમેક્સ જેવો ઢિશૂમ ઢિશૂમનો ખેલ હોય તો એ ખોટો પડ્યો, કારણ કે અનવરને મળીને, બેડરૂમોની નવી ગોઠવણથી પરિચિત થઈને, આમતેમ બેચાર આંટા મારીને એ પોતે પણ પોતાને ફાળે આવેલા બેડરૂમમાં સૂઈ ગયો.

રાતમાં ઠીક ઠીક શાંતિ રહી. એક વાર થોડેક દૂર કયાંક એકાદ મોટરગાડી સ્ટાર્ટ થઈને ધમધમાટ કરતી દૂર જતી રહેવાનો અવાજ સંભળાયો હતો ખરો. પરોઢ થતાં તો અજય પોતે પણ કામાનિંદરના સ્ટેજમાંથી કુંભકર્ણ-નિંદ્રાના સ્ટેજમાં પહોંચી ગયો હતો!

સવારે બ્રેકફાસ્ટ માટે સૌ વળી ડાઈનિંગ હોલમાં ભેગા થયા ત્યારે સૌને જણાયું કે લગભગ બધાને મચ્છર કરડયા હતા- કોઈને ઓછા, કોઈને વધારે- પરંતુ એથી વિશેષ કશું રાતમાં બન્યું લાગતું નહોતું.

ચા-નાસ્તો પતાવીને અજય વળી મહેલના પ્રાંગણમાં ઠંડી હવામાં આંટા મારવા લાગ્યો. નર્સરીની બારીની અંદર નજર કરતાં જણાયું કે રાહુલે સુકાઈ ગયેલા રંગવાળા સિપાઈઓને જુદી જુદી રીતે ગોઠવવા માંડયા હતા. જાણે અલગ અલગ વ્યૂહરચના કરતો હોય.

સમર હજુ દેખાતો નહોતો. અન્ય બેડરૂમોની બારીઓમાં પ્રભાતની પ્રવૃત્તિઓ જોઈ શકાતી હતી.

એ આમ આંટા મારતો હતો ત્યાં જ અનવર હુસેન એની તરફ આવતો દેખાયો. એના હાથમાં એક વિચિત્ર વસ્તુ હતી. મેળાઓમાં મળતું છોકરાંઓનું એ એક રમકડું હતું. વાંસની ખપાટોને બાંધીને આ રમકડું બનાવવામાં આવે છે. એનો એક છેડો ખેંચવાથી વાંસનું આખું કમઠાણ ખૂબ લાંબુ થાય છે. રમકડાં બનાવનારા આ કમઠાણને બીજે છેડે કાગળનાં ચીતરેલાં સાપ ચોંટાડે છે. છોકરાંઓ દૂર ઊભેલા પોતાના દોસ્તારોને ડરાવવા માટે આ વાંસના સાપનો ઉપયોગ કરે છે.

અનવરના હાથમાં હતું તે વાંસનું કમઠાણ વચ્ચેથી ભાંગેલું હતું!

'આ કયાંથી જડ્યું?' અજયે પૂછ્યું.

'મહેલના આંગણામાંથી જ! એક જગાએ, મેંદીની વાડમાં એ અટવાઈને તૂટી પડેલું હતું. લાગે છે કે કોઈક આ લઈને ગુપચુપ આવ્યું હશે, પણ પછી નાસવાની ઉતાવળમાં આ કમઠાણ ઊંચી વાડમાં ભેરવાઈને ભાંગી ગયું હશે.'

'અગાઉ નહોતું?'

'ના. મારા માણસો મહેલનો તસુએતસુ ભાગ તપાસી વળ્યા છે. આ રમકડું ગઈ રાતની વેળા જ આવ્યું છે.'

'અચ્છા! અને... અરે...' અજયે રમકડું પોતાના હાથમાં લેતાં પૂછ્યું, 'કશીક ડબ્બી છે, જે ખાલી છે! એના ઢાંકણ પર દોરી બાંધેલી છે. એટલે કે કમઠાણને લાંબુ કરીને, જ્યાં પહોંચાડવું હોય ત્યાં પહોંચાડીને, આ દોરીનો બીજો છેડો ખેંચીને, આ ડબ્બીનું ઢાંકણ ઉઘાડવાની કરામત ગોઠવાઈ છે.'

'ડબ્બી... ઢાંકણ... કરામત...' અનવર માથું ખંજવાળવા લાગ્યો. 'શું છે આ બધું, યાર?'

'પેલો નનામો સંદેશો યાદ કર, ભાઈ. એનો શો સાર હતો એ યાદ છે. ખાસ વાત એ હતી કે ના તીરસે, તલવારસે, ના બારુદ-ગોલીસે... એટલે કે હથિયારો બેકાર છે. એટલે જ સાહેબજાદા દિલાવરખાનને ખતમ કરવા માટે આ ખપાટિયાનો ખેલ રચાયો છે. આ ડબ્બીમાં સાહેબજાદાના મૃત્યુને પૂરવામાં આવ્યું હતું. એ મૃત્યુને એમના બેડરૂમની બારી સુધી પહોંચાડીને, ડબ્બી ખોલીને, મોત વેરીને યમદૂત ભાગવા જતો હતો ત્યાં આ કમઠાણ મેંદીની વાડમાંભરાઈ ગયું. પણ હવે કામ પતી ગયું હતું અને વાંસની ચીપો પરથી આંગળાંની છાપો મળવાની નહોતી, એટલે એને મૂકીને મોતનો દૂત નાઠો. એને લઈ જવા માટે ક્યાંક કાર તૈયાર હતી. રાતમાં મેં કારના ઘુઘવાટ સાંભળેલો.'

**'પેલો નનામો સંદેશો યાદ કર, ભાઇ. એનો શો સાર હતો એ યાદ છે. ખાસ વાત એ હતી કે ના તીરસે, તલવારસે, ના બારુદ-ગોલીસે... એટલે કે હથિયારો બેકાર છે. એટલે જ સાહેબજાદા દિલાવરખાનને ખતમ કરવા માટે આ ખપાટિયાનો ખેલ રચાયો છે. આ ડબ્બીમાં સાહેબજાદાના મૃત્યુને પૂરવામાં આવ્યું હતું. એ મૃત્યુને એમના બેડરૂમની બારી સુધી પહોંચાડીને, ડબ્બી ખોલીને, મોત વેરીને યમદૂત ભાગવા જતો હતો ત્યાં આ કમઠાણ મેંદીની વાડમાંભરાઇ ગયું. પણ હવે કામ પતી ગયું હતું અને વાંસની ચીપો પરથી આંગળાંની છાપો મળવાની નહોતી, એટલે એને મૂકીને મોતનો દૂત નાઠો. એને લઇ જવા માટે ક્યાંક કાર તૈયાર હતી. રાતમાં મેં કારના ઘુઘવાટ સાંભળેલો.'**

અનવર આ બધી જ વિગતોને પોતાના મસ્તકમાં બે ત્રણ વાર ઉથલાવી ગયો. પછી બોલ્યો, 'અજય! શું કહે છે એમ જ બન્યું હોય તો એની મને તો ખબર પડવી જોઈએ! હું પોતે સાહેબજાદાના બેડરૂમમાં આખી રાત જાગતો બેસી રહ્યો છું. બારીમાં કે આજુબાજુ એક સળી સરખીય સળવળ્યાનો સંચાર મેં સાંભળ્યો નથી!'

'તે તું ક્યાંથી સાંભળે! મેં એવી જોગવાઈ કરી દીધી હતી કે તને કે સાહેબજાદાને કશી ઈજા ન થાય અને હું જાગ્યો ત્યારનો જોઈ રહ્યો છું કે તમે બંને સાવ સાજાનરવા છો.'

'ટૂંકમાં પેલી નનામી ધમકી ફોગટ હતી, એમ ને?'

'એવુંતો ન કહેવાય. હા, સાહેબજાદાને કશું થયુંનથી. એમનો પ્રાણ લેવા માગનારા અને એમ કરીને ભારત-પાકિસ્તાન વચ્ચે વૈમનસ્ય ઊભું કરવા તાકનારાઓના હાથ હેઠા પડયા છે. એટલો સંતોષ છે.'

----

એ સાંજે શિખર પરિષદ પૂરી થઈ. સૌ વીઆઈપી પોતપોતાને સ્થાને સલામત પહોંચી ગયા. વાતને પંદર દિવસ વીતી ગયા. એ પછી એક દિવસ અનવર હુસેન સામે ચાલીને અજય રાધિકાની આશ્રમ રોડ પરની ડિટેક્ટીવ ઓફિસે પહોંચી ગયો. તે પોતાની સાથે ઉમદા કામગીરી બજાવીને રાષ્ટ્રસેવા કરવા બદલ ગૃહપ્રધાનનો પ્રશંસાપત્ર અને સારી એવી રકમનો ચેક લાવ્યો હતો.

અજય અને રાધિકાએ તેનું આઈસક્રીમ વડે સ્વાગત કર્યું. એ પછી રંગપૂરની વાતો પુનઃ યાદ કરતાં અનવરે પૂછયું, 'અજય, મને આ બધા દિવસ લાગ્યા કર્યું છે કે તેં મારાથી કશુંક છુપાવ્યું છે. રંગપૂરમાં ખરેખર શું બન્યું હતું, એ મને કહે.'

અજયે પ્રસન્ન સ્મિત કરતાં કહ્યું,' એ પહેલાં હું તને નાનકડા સમાચાર આપું. એથી તને કદાચ ખ્યાલ આવી જશે કે રંગપુરમાં ખરેખર શું બન્યું હતું. મને ગઈ કાલે જ સમાચાર મળ્યા છે કે નાનકડા રાહુલના ટીચર વત્તા સૂરજભાણ જાડેજાના સચિવ સમરસિંહ જાડેજાનું ફાલ્સીપેરમ-બી મેલેરિયાથી કરુણ અવસાન થયું છે!

'ઓહ!' અનવરે શોક પ્રગટ કર્યો. 'પણ શાહેબજાદા ઉપર આક્રમણ કરવાની ધમકીનું શું? તમને એ અંગે કશી જાણ થઈ?'

અજય જરાક મલકાયો. 'જરા તારી રીતે અનુમાન કરી જો.'

'અઘરું છે,' અનવરે સ્વીકાર્યું. 'છતાં અનુમાન કરી જોઉં. હું ધારું છું કે પેલા વાંસના ખપાટિયાંના રમકડાનો અહીં ઉપયોગ થવાનો હતો. પરંતુ એ રમકડું ભાંગી ગયું એટલે સાહેબજાદા બચી ગયા.'

'શાબાશ!' અજય પોકારી ઊઠયો. 'વાસ્તવમાં એ કમઠાણને છેડે જે ડબ્બી બાંધવામાં આવી હતી તેમાં ફાલ્સીપેરમ-બી મેલેરિયાના રોગાણુ ધરાવતા પુષ્કળ મચ્છર પૂરવામાં આવ્યા હતા. જે બેડરૂમની બારીમાં એ મચ્છરોને છોડવામાં આવે તેમાં સૂતેલ વ્યક્તિને અચૂક ફાલ્સીપેરમ-બી થાય.'

'અરે, બાપ રે!' અનવરે કપાળ કૂટયું.' આ તો સાહેબજાદા કે હું મરીએ એને બદલે ત્રાહિત નિર્દોષ મરી ગયો.'

'યૂ આર ટોટલી રોં, માય ડિયર અનવર!' અજય બોલ્યો. 'બોલ, રાધિકા! સમરસિંહને ફાલ્સીપેરમ-બી કેમ થયો?'

**(વાચક મિત્રો! આ સવાલનો જવાબ સહેલો છે. શોધીને તમારી નોટબૂકમાં નોંધી લેશો. આવતે અઠવાડિયે ઉત્તર આવશે.)**